# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

**તારીખ : 05-04-2024** **સાંજે : 7.10 થી 7.20**

**વાર : શુક્રવાર**

**આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર અમિતા વાંઝા વાંચે છે.**

---

- મુખ્ય ચૂંટણી કમિશ્નરે પસંદ કરેલા જીલ્લાઓના શહેર કમિશ્નરો અને ચૂંટણી અધિકારીઓને દર મતદાન કેન્દ્ર દીઠ કાર્યયોજના તૈયાર કરવાનો આદેશ આપ્યો.
- કોંગ્રેસે લોકસભાની ચૂંટણી માટેનું ઘોષણાપત્ર જાહેર કર્યું.
- રાજ્યમાં લોકસભા સામાન્ય ચૂંટણી 2024માં વધુમાં વધુ મતદાન થાય તે માટે જાગૃતિના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.
- રિઝર્વ બેન્કે સતત સાતમી વાર રેપોરેટમાં કોઇ જ ફેરફાર નથી કર્યો.
- ઉત્તરપ્રદેશના ધાર્મિક સ્થળો માટે ભારતીય રેલ્વે ખાસ ટ્રેન શરૂ કરશે.

---

**(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)**

**(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)**

## NEW-ECI--MEETING

મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવકુમારે મતદાનની ટકાવારી વધારવા માટે પસંદ કરેલા જીલ્લાઓના નિગમ કમિશ્નરો અને ચૂંટણી અધિકારીઓને દર મતદાન કેન્દ્ર દીઠ કાર્યયોજના તૈયાર કરવાનો આદેશ આપ્યો છે. તેમણે શહેર અને ગ્રામીણ વિસ્તારો માટે જુદી- જુદી કાર્યનિતી બનાવવાનું કહ્યું છે. મુખ્ય ચૂંટણી કમિશ્નરે આજે નવી દિલ્હીમાં ગઇ વખતની ચૂંટણી દરમિયાન મતદારોની ભાગીદારી ઓછી હતી, તેવા 11 રાજ્યોના નિગમ કમિશ્નરો અને ચૂંટણી અધિકારીઓની સાથે બેઠક કરી.

મુખ્ય ચૂંટણી અધિકારીએ, મતદારો, લોકતંત્રના મહાપર્વ ચૂંટણીમાં ભાગ લેવા બદલ ગૌરવ અનુભવે તે રીતે કામ કરવાનું અધિકારીઓને કહ્યું.. તેમણે કહ્યું કે, ગયા વખતની ચૂંટણી વખતે ઓછું મતદાન થયું હોય તેવા 215 ગ્રામીણ અને 51 શહેરી સંસદીય ક્ષેત્રો અલગ તારવવામાં આવ્યા છે, ત્યાં મતદારો સક્રિયપણે ભાગ લે તેવા પ્રયાસો કરવામાં આવશે, તે માટે મતદાન કેન્દ્રો પર સગવડો વધારવી, મતદારો સુધી પહોંચવાના લક્ષ્યાંકને પાર પાડવું તેમજ લોકોને પ્રોત્સાહિત કરવા માટે મહત્વપૂર્ણ પક્ષોને સામેલ કરવા જેવી ત્રણ સૂત્રની નિતી પર ભાર મૂકવામાં આવશે.
આ બેઠકમાં દિલ્હી, મુંબઇ, અમદાવાદ, ચેન્નાઇ, બેંગ્લુરૂ, હૈદરાબાદ, પૂના, ઠાણે, નાગપુર, પટના સાહિબ, લખનૌ અને કાનપુરના નિગમના કમિશ્નરો તેમજ બિહાર અને ઉત્તરપ્રદેશના કેટલાક જીલ્લાઓના ચૂંટણી અધિકારીઓએ ભાગ લીધો હતો. કર્ણાટક, ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, તમિળનાડુ, તેલંગાણા અને પંજાબના મુખ્યચૂંટણી અધિકારીઓએ આ બેઠકમાં વર્ચુઅલી ભાગ લીધો હતો.

## CONGRESS-MANIFESTO

કોંગ્રેસે લોકસભાની ચૂંટણી માટેનું ઘોષણાપત્ર જાહેર કર્યું છે. પક્ષના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે તેમજ વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી તેમજ રાહુલ ગાંધીએ આજે નવી દિલ્હીમાં બહાર પાડેલા ઘોષણાપત્રમાં દરરોજ 400 રૂપિયાની ઓછામાં ઓછી મજૂરીની ગેરંટી, દરેક ગરીબ પરિવારને દર વર્ષે એક લાખ રૂપિયા, કેન્દ્ર સરકારની નોકરીઓમાં મહિલાઓ માટે 50 ટકા બેઠકો અનામત, લઘુત્તમ ટેકારૂપ મૂલ્યની કાયદેસર બાંહેધરી અને રાષ્ટ્રીય સ્તરે, જાતિ આધારિત વસ્તી ગણતરીના વાયદાઓનો સમાવેશ થાય છે.

કોંગ્રેસે આવતા દસકા દરમિયાન 23 કરોડ લોકોના જીવનમાં સુધારો કરીને ગરીબી નાબૂદ કરવાનો પણ વાયદો કર્યો છે.. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, કોંગ્રેસનું ઘોષણાપત્ર પંચ ન્યાય એટલે કે, ન્યાયના પાંચ સ્તંભ પર

આધારિત છે, તે યુવા, મહિલાઓ, ખેડૂતો, મજૂરો તેમજ કુલ વસ્તીની ટકાવારી મુજબ તકો જેવા મુદ્દાઓ પર આધારિત છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા મનીષ દોશીએ ચૂંટણી ઢંઢેરા અંગે આ મુજબ પ્રતિક્રિયા આપી.

(બાઇટ-મનીષ દોશી)

ભારતીય જનતા પક્ષે કોંગ્રેસે આજે લોકસભાની આગામી ચૂંટણી માટે બહાર પાડેલા ઘોષણાપત્રને જૂઠા વચનો ગણાવ્યા છે. નવી દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં ભાજપના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ આક્ષેપ કર્યો કે, આ ઘોષણાપત્ર મતદારોમાં ભ્રમ ફેલાવવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. તેમણે દાવો કર્યો કે, આ પહેલા વિધાનસભા અને લોકસભાની ચૂંટણી માટેના ઘોષણાપત્રોના એક પણ વચનનું કોંગ્રેસે પાલન નથી કર્યું.

## Election candidate oath

લોકસભા સામાન્ય ચુંટણીઓ તથા વિધાનસભાની પેટાચુંટણીઓમાં ચુંટણી લડતા ઉમેદવારોએ ફરજિયાત અધિકૃત વ્યક્તિ પાસેથી શપથ કે પ્રતિજ્ઞા લેવી પડશે. જેમાં સહી કરવાની રહેશે અને તો જ એ ઉમેદવાર લોકસભા કે વિધાનસભાની બેઠક માટે પસંદ થવા પાત્ર ગણાશે.

રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ જણાવ્યું છે કે, ઉમેદવારોની અનુકૂળતા મુજબ ચુંટણીપંચે સંબંધિત મતદાર વિભાગના ચૂંટણીઅધિકારી સહિત અન્ય પદાધિકારીઓને શપથ લેવા માટે અધિકૃત કર્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું છે કે, ઉમેદવારે ચૂંટણી ઉમેદવારીપત્ર ભર્યા બાદ તરત જ ઉમેદવાર દ્વારા શપથ કે પ્રતિજ્ઞા લેવાની રહેશે.

## Voting awareness programme-1

રાજ્યમાં લોકસભા સામાન્ય ચૂંટણી 2024 સંદર્ભે વિવિધ મતદાન જાગૃતિના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

અમદાવાદ જિલ્લાની કુલ 600 શાળાઓના ৪0 હજારથી વધુ વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વિસ્તારમાં પ્રભાત ફેરી અને રેલી દ્વારા વિવિધ પોસ્ટર અને બેનરના માધ્યમથી મતદારોને મતદાન કરવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા જિલ્લામાં સિગ્નેચર કેમ્પેઈન, મતદાન સંકલ્પ, પ્રભાત ફેરી રેલી, સામૂહિક શપથ,બાઈક રેલી સહિતના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

ડાંગ જિલ્લામાં આહવા નર્સિંગ કોલેજ ખાતે વિદ્યાર્થીઓએ મતદાન જાગૃતિ અંગે વાર્તાલાપ અને ચર્ચા કરી હતી.

ભરૂચ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મધ્યસ્થ હૉલ ખાતે લોકસભા ચૂંટણી અંગે લોકોમાં મતદાન અંગે જાગૃતિ ફેલાય તે માટે કાર્યક્રમ યોજાયો.

અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મોડાસા બસ સ્ટેશન પર ખાસ ઝુંબેશ રૂપે સિગ્નનેચર કેમ્પિયન કરી લોકોને મતદાન માટે જાગૃત કરવામાં આવ્યા હતા.

કચ્છ જિલ્લાની વિવિધ શાળા તેમજ કોલેજોમાં માનવ સાંકળ જેવી પ્રવૃત્તિના માધ્યમથી મતદાન અંગે જાગૃતિ લાવવા પ્રયાસ કરવામાં આવ્યો. સમગ્ર જિલ્લામાં ૬0 કરતાં પણ વધુ સ્થળોએ આ પ્રવૃત્તિ કરવામાં આવી હતી.

મહેસાણા જિલ્લામાં વડનગર તાલુકાના વલાસણા ગામ ખાતે મતદાન રેલી તેમજ મતદાન શપથ લેવાયા.

ગીર સોમનાથ જિલ્લા ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં કલેક્ટર કચેરી ખાતે ઈ.એમ.એસ સોફ્ટવેર દ્વારા રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.વિવિધ રાજકીય પક્ષના પ્રતિનિધિઓની હાજરીમાં સમગ્ર પ્રક્રિયા સંપન્ન કરવામાં આવી હતી.

અમરેલી જિલ્લાના ધારી ખાતે યોગીજી મહારાજ મહિલા કોલેજમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ સંદર્ભે બાઈક રેલી યોજાઇ.

## Mansukh Mandvia Diu

કેન્દ્રિય ખાતરમંત્રી મનસુખ માંડવિયાએ આજે દીવ ખાતે ભાજપના કાર્યકર્તાઓ સાથે લોકસભા ચુંટણી અંગે પક્ષના પ્રચાર અર્થે ચર્ચા કરી હતી. ત્યારબાદ મંત્રીશ્રી માંડવિયા માણવદર પોતે પ્રચાર અર્થે રવાના થયા હતા.

## Chief Minister--Gandhinagar

ઓસ્ટ્રેલિયાના હાઇકમિશનર ફિલિપ ગ્રીન તેમજ મુંબઈ સ્થિત ઓસ્ટ્રેલિયન કોન્સ્યુલેટ જનરલ પોલ મર્ફી અને પ્રતિનિધિ મંડળે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત લીધી.

મુલાકાત દરમિયાન ઓસ્ટ્રેલિયા-ભારત-ગુજરાત વચ્ચે રિન્યુએબલ એનર્જી, સોલાર રૂફટોપ અને ક્રિટીકલ મિનરલ્સ-લિથિયમ બેટરી સ્ટોરેજના ઉત્પાદન અંગે સહયોગની સંભાવનાઓ સંદર્ભમાં વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોલર રૂફટોપ અને લિથિયમ બેટરી સ્ટોરેજના સેક્ટરમાં ગુજરાતમાં રહેલી સંભાવનાઓથી તેમને માહિતગાર કર્યા હતા.

ઓસ્ટ્રેલિયન હાઈકમિશનરે ગિફ્ટસિટીમાં કાર્યરત ઓસ્ટ્રેલિયાની ડીકેન યુનિવર્સિટીના અભ્યાસક્રમો અને અન્ય બાબતોની પણ આ બેઠક દરમિયાન ચર્ચાઓ કરી હતી.

## REV-RBI-MONTHLY-RBI-POLICY

રિઝર્વ બેન્કની નાણાંકીય નિતી સમિતીએ સતત સાતમી વાર રેપોરેટમાં કોઇ જ ફેરફાર નથી કર્યો. રિઝર્વ બેન્કના ગર્વનર શક્તિકાંત દાસે આજે દ્વિમાસિક નાણાંનિતીની જાહેરાત કરી અને રેપોરેટ છ પોઇન્ટ પાંચ ટકા જ રાખ્યો.

તેમણે કહ્યું કે, નાણાંકીય વર્ષ 2024-25માં જીડીપી દર સાત ટકા રહે તેવી શક્યતા છે. પહેલા ત્રિમાસિક ગાળામાં તે 7 પોઇન્ટ એક ટકો, બીજા ત્રિમાસિક ગાળામાં

છ પોઇન્ટ ૭ ટકા અને ત્રીજા અને ચોથા ત્રિમાસિક ગાળામાં તે સાત ટકા રહે તેવી ધારણા છે.

હાલના નાણાંકીય વર્ષમાં ફૂગાવાનો દર 4 પોઇન્ટ પાંચ ટકા રહે તેવી શક્યતા છે. તેમણે કહ્યું કે, એપ્રિલ-2022માં ફૂગાવાનો દર 7 પોઇન્ટ 8 ટકા હતો, તેની સરખામણીએ ફૂગાવાના દરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જો કે, હાલની સરકારનું ફૂગાવાન  દરનું લક્ષ્યાંક ચાર ટકા છે, તે મુજબ, હજુ પણ તે વધારે કહી શકાય.

રિઝર્વ બેન્કના ગર્વનરે કહ્યું છે કે, 29મી માર્ચ, 2024ના રોજ ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર, 645 અબજ 60 કરોડ ડોલર પર પહોંચી ગયો છે, જે અત્યાર સુધીમાં સૌથી વધારે છે. તેમણે કહ્યું કે, ગયા નાણાંકીય વર્ષમાં વિશ્વના મુખ્ય ચલણોમાં રૂપિયો સૌથી વધારે સ્થિર રહ્યો

## **Pride of India tourist train**

ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન દ્વારા ઉત્તર દર્શન યાત્રા – મથુરા, હરિદ્વાર, ઋષિકેશ, અમૃતસર, વૈષ્ણવોદેવી યાત્રા ટ્રેનનું સંચાલન કરવામાં આવી રહ્યું છે.

ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝન કોર્પોરેશન લિમિટેડ IRCTC દ્વારા ભારત ગૌરવ ટ્રેન 25મીએ 2024થી બીજી જૂન 2024 સુધી રહેશે. આ યાત્રા દરમ્યાન IRCTC મથુરા, શ્રીકૃષ્ણ જન્મ ભૂમિ, હરિદ્વારમાં સાંજે ગંગા આરતી, ઋષિકેશ, અમૃતસર, સુવર્ણમંદિર, વાઘાબોર્ડર અને શ્રી માતા વૈષ્ણવોદેવી મંદિર જેવા ધાર્મિક સ્થળોએ લઇ જશે. આ ટ્રેનમાં સ્લીપર,  કમ્ફર્ટ કલાસ અને 3 એસી, 2એસી સુવિધાઓ છે. આ પેકેજમાં સવારનો ચા-નાસ્તો, લંચ, ડિનર ઓન બોર્ડ અને ઓફ બોર્ડ આપવામાં આવશે. આ ટ્રેનનું બુકિંગ કરાવવા માટે IRCTC TOURISAM.COM પર અને અધિકૃત એજન્ટો પાસેથી ટિકિટ બુક કરાવી શકે છે.

આ ટ્રેનમાં રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, સાબરમતી, નડિયાદ, આણંદ, વડોદરા, રતલામ અને કોટાથી બેસી શકાશે.

દરમ્યાન, સાતમી એપ્રિલથી અમદાવાદ-નવી દીલ્હી સ્વર્ણજયંતી રાજધાની એકસપ્રેસ સાબરમતી રેલ્વે સ્ટેશનેથી દોડાવાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ રેલ્વેસ્ટેશનનો પુનઃવિકાસ હાથ ધરવામાં આવનાર હોવાથી અમદાવાદ રેલ્વેસ્ટેશનતી આવતી અને જતી કેટલીક ટ્રેનો ગાંધીનગરથી તો કેટલીક ટ્રેનો સાબરમતીથી સંચાલિત કરાશે.

## Panchmahal - St bus

ચૈત્રી નવરાત્રીના તહેવાર દરમિયાન પાવાગઢ ખાતે આવતા દર્શનાર્થીઓની સુવિધા માટે એસ.ટી.વિભાગ ગોધરા દ્વારા આગામી ૯ થી ૨૩ એપ્રિલ સુધી વધારાની ૬૦ બસો ફાળવવામાં આવી છે. અમારા પંચમહાલ જિલ્લાના પ્રતિનિધિ વિપુલ પુરોહિતના જણાવ્યા મુજબ સ્થળ પર મંડપ, બેઠક વ્યવસ્થા, પીવાના પાણીની તેમજ બસમાં બેસવા માટે લાઈન સહિતની વ્યવસ્થા બાબતે મુસાફરોને કોઈપણ જાતની મુશ્કેલી ન થાય તે માટે વિભાગના વિવિધ અધિકારીઓ દ્વારા હાજર રહી દેખરેખ રાખવામાં આવે છે. આ વ્યવસ્થાનો લાભ લેવા લોકોને વિભાગીય નિયામક,એસ.ટી.,ગોધરા દ્વારા અપીલ કરાઈ છે.